॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● માગસર સુદ - ૨ ● તા. ૧૬-૧૨-૨૦૨૦ ● બુધવાર SDP NO: 242 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

કૃષિ કાયદાના નામે ખેડૂતોને ભ્રમિત કરાય છે : મોદી



આ પ્રથમ એવી ઘટના છે કે જ્યારે આપણી શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજનો જ્ઞાની વ્યક્તિ રાષ્ટ્રીય લેવલે રાષ્ટ્રીય સંસ્થાના પ્રમુખ સ્થાને બિરાજમાન થયેલ હોય. ડોક્ટર છગનભાઈ પટેલ હાલમાં મહેસાણા ખાતે સાર્વજનિક ફાર્મસી કોલેજમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવી રહ્યા છે. સાથે સાથે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનું કાર્ય વિદ્યાર્થી અવસ્થાથી જ જોડાઈને કરી રહ્યા હતા. ઉપપ્રમુખ તરીકે તેમની ઉત્તમ સેવા આપેલ છે.. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે પણ ખૂબ નજીકથી જોડાયેલ છે. તેમનાં બંધુશ્રી મહેન્દ્રભાઈ પટેલ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અંદર સમર્પિત કાર્યકર તરીકે પરિવાર ત્યાગ કરીને પૂર્ણ સમયનું કાર્ય કરી રહ્યા છે.

આવા રાષ્ટ્રને સમર્પિત પરિવારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ,

યુવાસંઘ અને મહિલા સંઘ તેઓને દિલથી અભિનંદન પાઠવે છે.

ડો. છગનભાઈ સાહેબે ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત SUV ઈન્ટરનેશનલ સ્કૂલના સંચાલનમાં પણ ૪ વર્ષ સેવા આપેલ છે..

તેમજ સારસ્વત પરિવારના મોભી તરીકે કાર્ય કરી કેટલાય બાળકો અને વાલીઓને માર્ગદર્શન આપ્યું છે...

ખુબ વ્યસ્તતા વચ્ચે પણ રાષ્ટ્રીય અને સામાજિક કાર્યોની સુવાસ પ્રસરાવી જ્ઞાતિ ગૌરવ વધાર્યું છે...

પ્રેરણાત્મક ... આપણે સૌએ અપનાવવા જેવું ...

જય લક્ષ્મીનારાયણ તા :- ૧૫/૧૨/૨૦૨૦

મણીલાલ કરમશીભાઈ નાકરાણી બીલીમોરા - DGR 9825145721

પોતાના પૌત્રી હિમાની વિશાલભાઈ નાકરાણી જન્મ દિવસ નિમિત્તે સનાતન ધર્મ પત્રિકા ના આજીવન સભ્ય બની સમાજ પ્રત્યેની પોતાની ફરજ અને લાગણી વ્યક્ત કરી છે.

શ્રી સમાજ અને યુવાસંઘ તેમનો આભાર સાથે જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેરછાઓ પાઠવે છે.

O----------O

રમેશભાઈ ગોપાલભાઈ માકાણી બીલીમોરા - DGR 9825236109

પોતાના જન્મ દિવસ નિમિત્તે સનાતન ધર્મ પત્રિકા ના આજીવન સભ્ય બની સમાજ પ્રત્યેની પોતાની ફરજ અને લાગણી વ્યક્ત કરી છે.

શ્રી સમાજ અને યુવાસંઘ તેમનો આભાર સાથે જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેરછાઓ પાઠવે છે.

પ્રતિનિધિ :- મહેન્દ્રભાઈ સાંખલા,બીલીમોરા. ૯૮૨૫૦૫૯૩૮૦

PM મોદી કચ્છમાં : ખેડૂતોની શંકાના સમાધાન માટે સરકાર ૨૪ કલાક તૈયાર , મોદીએ આંદોલન પર ટોણો માર્યો ડેરીવાળા કૉન્ટ્રાક્ટ કરે છે તો શું તમારી ગાય - ભેંસ લઈ જાય છે ?

PM એ ડિસેલિનેશન પ્લાન્ટ, રિન્યુએબલ એનર્જી પાર્કનો શિલાન્યાસ કર્યો. સભાસ્થળે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂત આંદોલન વચ્ચે લખપતના શીખ ખેડૂતો સાથે સંવાદ કર્યો

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૧૫ ડિસેમ્બરે એક દિવસીય કચ્છ મુલાકાતે આવી પહોંચ્યા છે . તેમણે દિલ્હી ખાતે ચાલતા ખેડૂત આંદોલનના મુદ્દે બોલ્યા હતા કે દિલ્હી આસપાસ ખેડૂતોને ભ્રમિત કરવાનું ષડયત્ર ચાલી રહ્યું છે , પરંતુ અમારી પ્રાથમિકતા શરૂઆતથી જ ખેડૂતોની આવક વધારવાની રહી છે . ખેડૂતોની શંકાના સમાધાન માટે સરકાર ૨૪ કલાક તૈયાર છે .

એમ કહીને નરેન્દ્ર મોદીએ આંદોલન પર ટોણો માર્યો હતો કે, ડેરીવાળા કૉન્ટ્રાક્ટ કરે છે તો શું તમારી ગાય . ભેંસ લઈ જાય છે ? ખેડૂતોને ભ્રમિત કરાય છે . આજે જે લોકો વિપક્ષમાં બેસીને ખેડૂતોને ભ્રમિત કરે રહ્યા છે તેઓ પણ પોતાના સમયમાં કૃષિ સુધારાનું સમર્થન કરતા હતા . ખેડૂતોની શંકાના સમાધાન માટે સરકાર ૨૪ કલાક તૈયાર છે, ખેડૂતોનાં હિત પહેલા દિવસથી અમારી સરકારની પ્રાથમિકતા રહી છે . દેશ પૂછી રહ્યો છે કે અનાજ અને દાળ ઉત્પન્ન કરનારા નાના ખેડૂતોને પાક વેચવાની આઝાદી કેમ ન મળવી જોઈએ . કૃષિ સુધારાની માગ વર્ષોથી થઈ રહી હતી . અનેક ખેડૂત સંગઠનો પણ માગ કરતા હતા કે પાક વેચવાના વિકલ્પ આપો .

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ધોરડોથી પહેલીવાર ખેડૂત આંદોલન વિશે બોલ્યા નરેન્દ્ર મોદીએ આજે ધોરડો ખાતે ગુજરાતના સપૂત અને સ્વ . નાયબ વડાપ્રધાન સરદાર પટેલને યાદ કર્યા હતા . તેમણે કહ્યું હતું કે આજે ગુજરાત અને દેશના મહાન સપૂત- સરદાર પટેલની પુણ્યતિથિ પણ છે . કેવડિયામાં તેમની સૌથી ઊંચી પ્રતિમા આપણને દિવસ - રાત દેશ માટે કામ કરવાની પ્રેરણા આપે છે , સરદારસાહેબનું સ્મરણ કરીને આપણે આ જ રીતે દેશ અને ગુજરાતનું ગૌરવ વધારવાનું છે આજે કચ્છ ન્યૂ એજ ટેક્નોલોજી અને ન્યૂ એજ ઈકોનોમી એમ બંને દિશામાં બહુ મોટાં પગલાં ભર્યા છે . જેવડો મોટો સિંગાપોર દેશ છે , બહેરીન દેશ છે એટલા વિસ્તારમાં કચ્છનો આ રિન્યુએબલ એનર્જી પાર્ક થવાનો છે . આજે કચ્છની શાન ખૂબ જ ઝડપથી વધી રહી છે , આજે કચ્છ દેશના ઝડપથી વિકસિત થતાં ક્ષેત્રોમાંથી એક અગત્યનું ક્ષેત્ર બની ગયું છે . આજે કચ્છમાં પણ નવી ઊર્જાનો સંચાર થઈ રહ્યો છે , આપણી પાસે કચ્છમાં દુનિયાનો સૌથી મોટો હાઈબ્રિડ રિએન્યુએબલ પાર્ક છે . એક સમયે કહેવામાં આવતું કે કચ્છ એટલું દૂર છે કે વિકાસનું નામોનિશાન નથી , કનેક્ટિવિટી નથી અને પડકારનું બીજું નામ હતું , પરંતુ આજે સ્થિતિ એવી નથી રહી , હવે લોકો થોડો સમય કચ્છમાં કામ કરવા માટે પણ લાગવગ લગાવે છે .

ABVP માં નિયુક્ત એવા નિધી ત્રિપાઠી મૂળ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જિલ્લાના છે નિધિ ત્રિપાઠી ABVP ના રાષ્ટ્રીય મહામંત્રી તરીકે ચૂંટાયા



નિધી ત્રિપાઠી મૂળ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જિલ્લાના છે. તેમણે ઈલાહાબાદ વિશ્વ વિદ્યાલયથી BA તથા જવાહરલાલ નહેરુ વિશ્વ વિદ્યાલયથી MA , M.Phil સુધી અભ્યાસ પૂર્ણ કર્યો છે . તથા જવાહરલાલ નહેરુ વિશ્વવિદ્યાલય માં જ Ph.D માં અભ્યાસ કાર્યરત છે. વર્ષ ૨૦૧૩ માં ABVP માં સક્રિય રૂપથી જોડાયા . તેમણે પૂર્વમાં JNU માં વિભિન્ન દાયિત્વ નું વહન કરતા વર્ષ ૨૦૧૭ માં JNU છાત્ર સંઘની ચૂંટણીમાં અધ્યક્ષ પદના ઉમેદવાર તરીકે ABVP નું પ્રતિનિધિત્વ કર્યું હતું . વર્ષ ૨૦૧૮ માં ભારત સરકારના ખેલ અને યુવા મંત્રાલય દ્વારા આયોજિત શ્રીલંકા યાત્રાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. સંસ્કૃત સાહિત્યના વિદ્યાર્થીના રૂપમાં વિભિન્ન રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સેમિનારમાં પત્ર પ્રકાશિત કર્યા છે .

-: ચિંતનકણિકા :-

બાળક એ રાષ્ટ્રની ધરોહર છે અને કુળનો દીપક છે.

એનું યોગ્ય જતન અને સંવર્ધન થાય એ પરિવારનું કર્તવ્ય છે. પ્રત્યેક બાળક અનેકવિધ વિશેષતાઓ અને લાક્ષણિકતાઓને ધારણ કરીને જન્મે છે. એમાં ભાવિનો સૂત્રધાર, સમાજનો એકનિષ્ઠ સેવક, વિજ્ઞાની, કલાકાર, કવિ કે સાહિત્યકાર છુપાયેલો છે. એ શક્તિઓને પારખવા માટે માતાપિતા પાસે દિવ્ય અને સૂક્ષ્મ દૃષ્ટિ હોવી જરૂરી છે. જેને આજકાલ Aptitude કહે છે તે...એટલે કે બાળકની રુચિ-પ્રકૃતિ સમજવી જરૂરી છે.

આનો અર્થ એ છે કે જેમ આપણે પુસ્તક વાંચીએ છીએ તેમ આપણે બાળકને વાંચવો ઘટે.

બાળક મહાગ્રંથ છે, પાંચમો વેદ છે.

એને નવલિકા કે નવલકથાની જેમ વાંચી ન જવાય !

એના માનસપટ પર અંકિત પ્રત્યેક શબ્દનું ભાષ્ય કરવું જોઈએ.

પુસ્તક વાંચવું સહેલું છે, પણ બાળકને વાંચવો અઘરો છે.

એને વાંચવા અને સમજવા માટે એની સાથે સારો એવો સમય ગાળવો જોઈએ, એની સાથે સંવાદ સ્થાપિત કરવો જોઈએ, એની સાથે હરવું-ફરવું જોઈએ, એની સાથે એના જેવા થઈ રમવું જોઈએ, ગાવું જોઈએ...અને આવું તો ઘણું ઘણું કરવું જોઈએ. પણ આવું બધું કરવા માટેનો સમય માતાપિતા પાસે નથી...અને તેથી બાળક સમજાતું નથી...પરિણામે એને વિકસવા માટે જે પરિબળોની જરૂર હોય છે માતાપિતા પૂરાં પાડી શકતાં નથી.

આવું ગહન શાસ્ત્ર અને બાળમનોવિજ્ઞાન સમજવા માટે માતાપિતાનું પ્રશિક્ષણ કરવું ખૂબ જરૂરી છે.

મિશન અભિમન્યુ

શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

SUV International School.

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત. "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

આજનો સવાલ - ૧૯૫ :

મહાભારત માં સંજય પાસે શું વિષેસ હતું ને ધુતરાષ્ટ્રના તે શું હતા ?

સાચો જવાબ - સંજય પાસે દિવ્ય દૃષ્ટિ હતી, તે ધુતરાષ્ટ ના સલાહકાર અને સારથી હતા,

જવાબ આપનાર - હંસાબેન રમણીક લીંબાણી, કલ્યાણ, ઉલ્હાસનગર, ૯૬૬૫૫૬૩૩૮૬.

આજના પ્રશ્ન માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઈનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

મહેસાણાના પ્રા . ડો . છગનભાઈ નાનજીભાઈ પટેલ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિમાયા છે .

તે ઉપરાંત દિલ્હીનાં નિધિ ત્રિપાઠી રાષ્ટ્રીય મહામંત્રીના રૂપમાં વર્ષ ૨૦૨૦-૨૧ના સત્ર માટે નિર્વિરોધ ચૂંટાયા છે . આ જાહેરાત વિદ્યાર્થી પરિષદના મુંબઈ સ્થિત કેન્દ્રીય કાર્યાલય થી કરવામાં આવી છે . ABVP ના કેન્દ્રીય કાર્યાલયથી આજે ચૂંટણી અધિકારી ડો . ઉમા શ્રીવાસ્તવ દ્વારા જાહેર કરાયેલ નિવેદન અનુસાર ઉપરોક્ત બંને પદો માટેનો કાર્યકાળ એક વર્ષ માટેનો રહેશે તથા બંને પદાધિકારી નાગપુર માં તારીખ ૨૫-૨૬ ડિસેમ્બર , ૨૦૨૦ ના થનારા ૬૬ માં રાષ્ટ્રીય અધિવેશન માં પોતાનો પદભાર ગ્રહણ કરશે .

પ્રા . ડો . છગનભાઈ નાનજીભાઈ પટેલ મૂળ ગુજરાતના મહેસાણા જિલ્લાના છે . હાલમાં તેઓ મહેસાણાની સાર્વજનિક ફાર્મસી કોલેજમાં પ્રાધ્યાપક અને આચાર્ય તરીકે તથા ગુજરાત તકનીકી વિશ્વવિદ્યાલયના ફાર્મસી વિભાગના વડા અને વિશ્વવિદ્યાલયના કાર્યકારી મંડળના સદસ્ય છે . તેમણે આજ સુધી ૪૨ શોધ પત્ર પ્રકાશિત કર્યા છે તથા ૨૩ થી વધુ વિદ્યાર્થીઓને ફાર્મસી સંબંધિત વિવિધ શોધ વિષયો પર માર્ગદર્શન આપ્યું છે . તેઓ ફાર્મસી કાઉન્સિલ ઓફ ભારતના સદસ્ય પણ છે . વર્ષ ૧૯૯૬ થી તેમણે પરિષદમાં પ્રાધ્યાપક કાર્યકર્તાના રૂપમાં નગર અધ્યક્ષ થી લઈને આપ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ જેવા મહત્વપૂર્ણ દાયિત્વ નું વહન કર્યું છે .

અમેરિકા માં લૂંટના ઈરાદે ઘૂસેલા યુવકે ગોળી મારી પેન્સિલવેનિયાના અશોક પટેલ ની હત્યા

હેઝલ્ટનમાં વેસ્ટ બ્રોડ સ્ટ્રીટ પર આવેલા કેગ્સ ફૂડ માર્ટમાં અશોક પટેલ નોકરી કરતા હતા. બનાવ અંગે હેઝલ્ટન પોલીસે જણાવ્યું છે કે કેગ્સ ફૂડ માર્ટમાંથી પોલીસ પર એક ફોન આવ્યો. જ્યારે પોલીસ સ્થળ પર પહોંચી તો સ્ટોર ક્લર્ક અશોક પટેલ (ઉ.વ. ૫૦) મૃત અવસ્થામાં મળી આવ્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે એક શખ્સ સ્ટોરમાં લૂંટના ઈરાદે ઘૂસ્યો હતો અને લૂંટનો કોઈ સાક્ષી રહે નહીં એ માટે અશોક પટેલને ગોળી મારી હતી.

મૃતક મહેસાણાના અશોક અંબાલાલ પટેલ નોકરી દરમિયાન સ્ટોર બંધ કરી રહ્યા હતા એ જ સમયે લૂંટારાએ હુમલો કર્યો હતો. મૃતક કડીના વડુ ગામના વતની છે અને છેલ્લાં ૮ વર્ષથી અમેરિકામાં રહેતા હતા. તાજેતરમાં જ તેમણે આ નવી નોકરી શરૂ કરી હતી. હેઝલ્ટન પોલીસે CCTV ચકાસ્યા હતા. જેમાં ઓરેન્જ અને રેડ નાઈક સ્વીટશર્ટ પહેરેલો યુવક સ્ટોરમાં ઘૂસ્યો હતો અને તેણે હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું હતું.

છેલ્લાં ૮ વર્ષથી અમેરિકામાં સ્થાયી થયા હતા મહેસાણા જિલ્લાના કડીના વડુ ગામના રહેવાસી અશોક અંબાલાલ પટેલ નોકરી અર્થે અમેરીકામાં સારી ઓફર મળતાં તેમણે પેન્સિલવેનિયામાં એક સ્ટોરમાં નવી નોકરીની શરૂઆત કરી હતી. તેઓ સ્ટોરમાં નોકરી કરીને પરિવારને આર્થિક મદદ કરી રહ્યા હતા.

આદરણીય પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ પ્રેરિત "પેજ કમિટી અભિયાન" અંતર્ગત ધારાસભ્યશ્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ, વાપી શહેર પ્રમુખના અધ્યક્ષ સ્થાને પારડી વિધાનસભાના મારા બુથ૨૧૪ માં પેજની પેજ કમિટીની રચના કરી શહેર પ્રમુખશ્રી અને ધારાસભ્યશ્રીને સુપ્રત કરી.

દેવેન્દ્ર વિરજી રવાણી વાપી માં રાજકીય મિશન ને સાર્થક કરવાનો અભિગમ...

#MicroManagementofCRPaatil4BJPGuj

ટેન્ટસિટી ખાતેના ડોમથી ૩ પ્રોજેક્ટનાં શિલાન્યાસ કર્યા. ટેન્ટસિટીમાં ઊભા કરાયેલા ડોમમાંથી ગુંદિયાળીમાં આકાર લેનારા ડિસેલિનેશન પ્લાન્ટ, રિન્યુએબલ એનર્જી પાર્ક, સરહદ ડેરી દ્વારા અંજાર ભચાઉ વચ્ચે ઊભા કરાનારા બે લાખ લિટર દૂધના ચિલિંગ પ્લાન્ટનું બપોરે વર્ચ્યુઅલ ભૂમિપૂજન કર્યું હતું.

આ ઉપરાંત કચ્છના પ્રગતિશીલ ખેડૂતો અને સરહદે ખેતી કરતા પંજાબી ખેડૂતો સાથે વાર્તાલાપ કર્યો હતો. ભુજમાં બની રહેલા મેમોરિયલ પાર્કની મુખ્યમંત્રી તેમજ અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી.

દુનિયાના ટોપ ૧૦ સોલર પાર્કમાં ભારતના ચાર : ભારતના સૌથી મોટા ભડલા સોલર પાર્કથી કચ્છનો રિન્યુએબલ પાર્ક ૧૨૦૦ ગણો મોટો



કચ્છમાં બનનારા પાર્કમાં અધધ ૧.૩૫ લાખ કરોડના રોકાણની સરકારને આશા.

કચ્છની આંતરરાષ્ટ્રીય બોર્ડર પર પ્રધાનમંત્રી મોદી દુનિયાના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્કનું ખાતમુહૂર્ત કર્યું. ત્યારે આ પાર્ક ન બલકે ગુજરાત, ભારતને પોતાના ઊર્જાના લક્ષ્યાંકને પૂર્ણ કરવામાં મદદ મળશે. ભારત સરકારે ૨૦૨૨ સુધી ૧૭૫ ગીગા વોટ પુન : પ્રાપ્ય ઊર્જા ક્ષમતા મેળવવાનો લક્ષ્યાંક રાખ્યો છે, જેમાં આ પાર્ક મહત્ત્વપૂર્ણ ફાળો આપશે. ગુજરાત સરકાર પોતે પણ પુન : પ્રાપ્ય ઊર્જાની ક્ષમતા વધારવાની ભરપૂર કોશિશ કરી રહી છે. હાલમાં રાજ્યની ૩૦,૫૦૦ મેગાવોટ વીજળી ઉત્પાદનક્ષમતા સામે ૧૧૨૬૪ મેગાવોટ પુન : પ્રાપ્ય ઊર્જા છે. આ પાર્કથી ૧.૩૫ લાખ કરોડના રોકાણની આશા છે .

કચ્છ હાઈબ્રિડ પાર્ક સ્થળ : ખાવડા (ભારત - પાક . બોર્ડર) વિસ્તાર : ૭૨,૬૦૦ હેક્ટર ક્ષમતા:૩૦ ગીગા વોટ (૩૦ હજાર મેગા વોટ) ઊર્જા :

સોલર અને પવન ભડલા સોલર પાર્ક સ્થળ : જોધપુર રાજસ્થાન વિસ્તાર : ૫૭૦૦ હેક્ટર ક્ષમતા : ૨૨૪૫ મેગાવોટ ઊર્જા :

સોલર હંગેહી હાઈડ્રોપાવર પાર્ક સ્થળ : ગોલમુડ, ચીન વિસ્તાર : ૫ ચો.કી. ક્ષમતા : ૨૨૦૦ મેગાવોટ ઊર્જા :

સોલર પાવાગઢ સોલર પાર્ક સ્થળ : તુમકુર- કર્ણાટક વિસ્તાર : ૫૩ હેક્ટર ક્ષમતા : ૨૦૫૦ મેગા વોટ ઊર્જા :

સોલર બેનબાન સોલર પાર્ક સ્થળ : પશ્ચિમી ઈજિપ્તના રણમાં વિસ્તાર : ૩૭૦૦ હેક્ટર ક્ષમતા : ૧૬૫૦ મેગાવોટ ઊર્જા ; સોલર.

-: અવસાન નોંધ :-

તા. ૧૪/૧૨/૨૦૨૦ સોમવાર

સ્વ. રતનબેન માવજીભાઈ છાભૈયા, ઉંમર : ૯૦ વર્ષ,

કચ્છ માં ગામ દેવીસર, ગામ : રણજિતપુરા કમ્પા, હાલ માં : જબલપુર.

સ્વ. કરસનભાઈ લધાભાઈ છાભૈયા, ઉંમર : ૯૪ વર્ષ,

કચ્છમાં ગામ : ભડલી,

સ્વ. સંજયભાઈ અમૃતભાઈ ભગત, ઉંમર :૩૩ વર્ષ,

કચ્છ માં ગામ : રત્નાપર, કચ્છ.

તા. ૧૫/૧૨/૨૦૨૦ મંગળવાર

સ્વ. ડાહયાલાલ પુરુષોત્તમ સાંખલા, ઉંમર : ૬૬

કચ્છ માં ગામ : માતાજી ના નેત્રા, હાલે : ભિવંડી, મુંબઈ.

સ્વ. ભગવાનદાસ હંસરાજ ભગત, ઉંમર : ૬૪ વર્ષ,

કચ્છ માં ગામ : કોટડા(જડોદર).